# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૪૬૮-૩ તારીખ : ૨૦ - ૦૧ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
ગ્રેવીટી કાસ્ટ પ્રા.લી.
સર્વે નં. ૨૭૬ ગેલેકસી ઇન્ડ. એસ્ટેટ - II ,
મું. પો. : શાપર વેરાવળ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૩૭૫૩૨૪૮૬૮

**વિષય :** વીજબીલમાં સોલાર યુનિટ ક્રેડીટ અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૩/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ :** ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૩/ક્વા-૩/૨૨-૨૩/ ૪૬૮-૩ તા. ૨૦-૦૧-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૨૩/ક્વા-૩/૨૨-૨૩, તા.૧૭-૧૨-૨૦૨૨

| | |
|---|---|
| અરજદાર | : ગ્રેવીટી કાસ્ટ પ્રા.લી., ગામ: શાપર વેરાવળ |
| રજૂઆત કરનાર | : શ્રી પ્રકાશ એન. માકડિયા અને શ્રી દર્શક અકબરી |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય |

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૧.૦૧.૨૦૨૩ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૧.૦૧.૨૦૨૩ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆત મુજબ ગ્રેવિટી કાસ્ટ પ્રા. લી. ના નામે ગ્રાહક નં.૨૫૯૮૯ થી એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. અરજદારને તા.૦૪.૧૦.૨૦૨૨ થી તા.૧૫.૧૦.૨૦૨૨ સુધીનું પ્રથમ સોલાર ઉત્પાદનનુ બીલ મળ્યું છે. જેમા રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી દ્વારા સોલાર પ્લાન્ટના ડેટા જનરેશનને ગણતરીમાં લીધા ન હતા તેમજ કમિશનિંગની તા.૨૭.૦૭.૨૦૨૨ થી તા.૦૩.૧૦.૨૦૨૨ સુધી સોલાર ઉત્પાદન એકમોની ક્રેડીટ મળી નથી. અરજદારે તેમના વીજબીલમાં સોલાર યુનિટની ઉપર મુજબના સમયગાળાની જરૂરી રકમ ક્રેડિટ કરવા વિનંતી કરેલ છે જે માટે અરજદાર દ્વારા તા.૧૯.૧૧.૨૦૨૨ ના લેખિત પત્ર દ્વારા મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), પીજીવીસીએલ, નિગમિત કચેરી રાજકોટને રજૂઆત કરેલ છે, પરંતુ સદર બાબતે કોઈ લેખિત પ્રત્યુતર / કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે મેં. ગ્રેવીટી કાસ્ટ પ્રા.લી. કે જેના ગ્રાહક નંબર ૨૫૯૮૬ થી શાપર ખાતે વીજ કનેક્શન ધરાવે છે. અરજદાર દ્વારા જૂની સોલાર પોલીસીમાં ૧૦ કિલોવોટનું સોલાર રૂફટોપ તા.૨૯.૧૧.૨૦૧૭ નાં રોજ ઇન્સ્ટોલ કરાવેલ છે. જેના સોલારનાં ક્રેડીટ યુનીટ જૂની પોલીસી મુજબ માસિક બિલીંગ સાયકલ પ્રમાણે આપવામાં આવે છે.

3.૧ અરજદાર દ્વારા ૯૦૦ કિલોવોટ(AC) કેપેસીટીનો સોલાર પાવર પ્લાન્ટ નવી સોલાર પોલીસી ૨૦૨૧ અનુસાર કાલાવાડ તાલુકાના ધવલી અને સાવલી ગામે સ્થાપીત કરેલ છે. સદર પ્લાન્ટનું કમીશનીંગ સર્ટીફીકેટ તા.૨૧.૧૦.૨૦૨૨ નાં રોજ વિભાગીય કચેરીને મળેલ છે. કમીશનીંગ સર્ટીફીકેટ મળ્યા બાદ અરજદારનું શાપર ખાતે આવેલ મેં. ગ્રેવીટી કાસ્ટનાં કન્ઝ્યુમર એન્ડનાં બાયડાયરેકશનલ મીટર નંબર HTB000278નાં લોડ સર્વેનાં ડેટા લીધેલ હતા. સદર લોડ સર્વેનાં ડેટા તા.0૪.૧૦.૨૦૨૨ થી આવેલ હતા. જેથી તા.0૪.૧૦.૨૦૨૨ થી તા.૧૫.૧૦.૨૦૨૨ અને તા.૧૬.૧૦.૨૦૨૨ થી તા.૧૫.૧૧.૨૦૨૨ એમ બે મહીનાનાં સોલારના ક્રેડીટ યુનીટ આપવામાં આવેલ હતા.

3.૨ આમ, સદર ગ્રાહકનું મીટર HPL કંપનીનું હોય તેમાં માત્ર ૨૮ થી 30 દિવસનાં ડેટા સ્ટોરેજ કેપેસિટી હોય અરજદારના પ્લાન્ટ કમિશન તા.૨૭.0૭.૨૦૨૨ થી તા.0૩.૧૦.૨૦૨૨ સુધીના લોડ સર્વેનાં ડેટા આવી શકેલ નથી. જેથી સદર સમયગાળા દરમ્યાનનું સોલારનાં ક્રેડીટ યુનીટની ગણતરી થઇ શકેલ ન હોય અરજદારને સોલાર યુનીટનું ક્રેડીટ આપવામાં આવેલ નથી.

જૂની સોલાર પોલીસી મુજબ ગ્રાહકને સોલારનાં યુનીટ મંથલી સાયકલ પ્રમાણે ક્રેડીટ આપવાના થતા હોય લોડ સર્વેની જરૂરીયાત પડેલ ન હતી. આમ, અરજદારના એચ.ટી. વીજજોડાણનું મીટર યોગ્ય સ્પેશીફીકેશન મુજબનું ન હોય અરજદાર દ્વારા સદર મીટર બદલાવેલ નથી તથા સોલાર પોલીસી ૨૦૨૧ મુજબ ૧૫-૧૫ મીનીટનો સ્લોટ મુજબ ગણતરી કરી સોલાર યુનીટ ક્રેડીટ આપવામાં આવતા હોય લોડ સર્વે સિવાય આ યુનીટનાં કેડીટ આપવા સંભવ ન હોય અરજદારને તા.૨૭.0૭.૨૦૨૨ થી તા.0૩.૧૦.૨૦૨૨ સુધીના સોલાર યુનીટનાં ક્રેડીટ આપેલ નથી.

3.૪ નિગમિત કચેરી દ્વારા પણ સોલાર મીટરનાં સ્પેશીફીકેશન અંગે અરજદારને માહિતગાર કરવામાં આવે છે. અને અરજદારનો સોલાર પ્લાન્ટ અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર બહાર આવતો હોય સદર પ્લાન્ટ ચાલુ થયા અંગેની જાણ અત્રેની કચેરીને કોઈ દ્વારા કરવામાં આવેલ નથી.

## :: હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર ગ્રેવિટી કાસ્ટ પ્રા. લી. ગ્રાહક નં.૨૫૯૮૬ થી એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. અરજદાર દ્વારા સોલાર પ્લાન્ટ તા.૨૭.0૭.૨૦૨૨ થી કમિશનિંગ કરાયેલ છે. તેમ છતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૭.0૭.૨૦૨૨ થી તા.0૩.૧૦.૨૦૨૨ સુધીના સોલાર પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત વીજયુનીટનું એડજેસ્ટમેન્ટ તેઓના વીજબીલમાં અપાયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ પત્ર નં : પીજીવીસીએલ / આરએન્ડસી / જીઈઆરસી / ૨0૩૨ તા.૨૧.0૭.૨૦૨૨ મુજબ ફરિયાદી અરજદાર મેં. અરજદાર ગ્રેવિટી કાસ્ટ પ્રા. લી. ગેલેક્સી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ – 0૨, સર્વે નંબર : ૨૭૫, શાપર (વેરાવળ) ને સંબોધીને લખેલ

પત્રમાં સોલારપાવર પ્રોજેક્ટ માંથી જનરેટેડ સોલાર પાવરના વ્હિલિંગ એગ્રીમેન્ટ તા.૧૮.૦૭.૨૦૨૨ થી થયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| Sr. No. | Item | Description |
|---|---|---|
| 1 | Installed capacity of plant | 0.9 MW (AC)/1.0 MW (DC) |
| 2 | Option selected | Mls Gravity Cast Pvt. Ltd. does not intend to utilize Renewable attributes of the generated energy. |
| 3 | Location | Plot No.1 & 2, Survey no. 66 of Village: Davli, Ta.: Kalavad, Dist.: Jamnagar |
| 4 | Recipient unit | Mls Gravity Cast Pvt. Ltd., Survey No. 275, Galaxy Ind. Estate-II, Opp. Kintetic Chemicals, Shapar, Rajkot, Consumer No.: 25986, C.D.: 490 KVA,Tariff:HTP-1, Voltage:11 KV, Share-100% |
| 5 | Date of commissioning | Under commissioning |

ઉપર જણાવેલ સોલાર પ્લાન્ટનું રજીસ્ટ્રેશન અને વ્હીલીંગ એગ્રીમેન્ટ ગુજરાત રાજ્ય સરકારની સોલાર પાવર પોલીસી -૨૦૨૧ હેઠળ GR No. SLR/11/2020/77/B1 Dtd.29.12.2020 મુજબ થયેલ છે.

ઉપરોક્ત વ્હીલીંગ એગ્રીમેન્ટની શરત નં – ૮ Metering અંગે નીચે મુજબ નોંધાયેલ છે.

" The Power Producer shall install the ABT compliant meter at Interface Point [receiving point of STU) and wherever applicable at recipient point at its own cost as per specification given by GETCO/DISCOM. Further Company shall install Remote Terminal Unit (RTU) at SPG at its cost to communicate real time data to DISCOM/ State load Dispatch Centre.

In case of consumers having contracted load / sanctioned demand not exceeding 1 MW, DISCOM may allow installation of non-ABT meters at consumer level reprogrammed at consumer's cost as per the energy accounting requirement. "

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત વ્હીલીંગ એગ્રીમેન્ટની શરત નં – ૯ માં નીચે મુજબ નોંધાયેલ છે.

"Energy Accounting, Surplus Injection Compensation (SIC) and RPO: The solar energy generated, after deducting applicable losses, shall be set off against energy consumed by Power Purchaser at the recipients unit as under:

a. Energy Accounting:
   Adjustment of the solar energy generation shall be allowed as under:
   (1) HT/EHV consumers:
       The set off of wheeled solar energy shall be given between 07.00 hours to 18.00 hours basis of same day.
b. Surplus Injection Compensation (Sit):
   Any surplus energy not consumed as per energy accounting shall be compensated by DISCOM at following rate: ..........."

તેમજ ઉપરોક્ત વ્હીલીંગ એગ્રીમેન્ટની શરત નં – ૧૪ નીચે મુજબ નોંધાયેલ છે.

14.1 All disputes or differences between the parties arising out of connection with this agreement shall be first tried to be settled through mutual negotiation.

14.2 Parties here to agree to attempt to resolve all disputes arising here under promptly, equitably and in good faith.

14.3 Each party shall designated in writing and communicate to the other party its own representative who shall be authorized to resolve any dispute arising under this agreement in an equitable manner and unless otherwise expressly provided herein, to exercise the authority of the parties hereto make decision by mutual agreement.

14.4 In the event that such differences or disputes between the parties are not settled through mutual negotiations within sixty (60) days after such dispute arises then it shall be adjudicated by appropriate commission in accordance with law.

૪.૩ ફરિયાદી અરજદાર દ્વારા પીજીવીસીએલ પક્ષકાર સાથે કરાયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ મુજબ રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ ના એચ.ટી. ગ્રાહક નં. ૨૫૯૮૬ ના વીજબીલમા સોલાર પ્લાન્ટના ઉત્પાદિત યુનિટ પ્લાન્ટ ચાલુ થયાની તા.૨૭.૦૭.૨૦૨૨ થી તા.૦૩.૧૦.૨૦૨૨ સુધી સેટઓફ મળેલ નથી જે અંગે અરજદારની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર સાથે કરેલ તા.૧૮.૦૭.૨૦૨૨ ના રોજ વ્હીલીંગ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. જેની નકલ પીજીવીસીએલની નિગમિત કચેરીના પત્ર નં.૨૦૩૨ તા.૨૧.૦૭.૨૦૨૨ થી અમો ફરિયાદી અરજદારને સંબોધીને અને તેની નકલ ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટને આપેલ છે અને નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવેલ છે.

"On the basis of data of solar energy generation received from LMU, set off of wheeled energy shall be given between 07:00 Hours to 18:00 hours basis of same day after deducting applicable losses against energy consumed .at the recipient unit, after giving setoff, if any solar generation remains surplus, certificate in this respect shall be issued to M/S Gravity Cast Pvt. Ltd.

Presently, applicable wheeling charges are 18.27 paisa per Kwh, wheeling loss-10 % it is required to note that, wheeling charge and wheeling loss is determined annually by Hon'ble GERC in tariff order of PGVCL. So, it is required to recover wheeling charge, wheeling loss as determined by Hon'ble GERC time to time ......."

૪.૪ ફરિયાદી અરજદારના સોલાર પ્લાન્ટનું કમીશનીંગ ગુજરાત ઉર્જા વિકાસ નીગમ એજન્સી (**GEDA**) ના પત્ર નં – ૩૭૨૩ તા.૧૧.૧૦.૨૦૨૨ થી કમીશનીંગ સર્ટીફિકેટ રજુ કરાયેલ છે તે મુજબ સોલર પ્લાન્ટનું કમીશનીંગ તા.૨૭.૦૭.૨૦૨૨ થી થયેલ છે - જે પત્ર મેં. ગ્રેવિટી કાસ્ટ પ્રા.લી. ગામ : શાપર (વેરાવળ) ને એડ્રેસ કરેલ છે અને તેની નકલ મુખ્ય ઈજનેર (ટેકનીકલ) પીજીવીસીએલની નિગમિત કચેરીને ઇસ્યુ કરવામાં આવેલ છે. જે નિગમિત કચેરી દ્વારા. જે નિગમિત કચેરી રાજકોટ દ્વારા પત્ર નં – ૨૭૬૦ તા.૨૧.૧૦.૨૦૨૨ થી અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી – જામનગર અને રાજકોટ ગ્રામ્યને એડ્રેસ કરેલ છે અને તેની નકલ ગ્રામ્ય વિભાગીય કચેરી – રાજકોટ અને ગ્રામ્ય વિભાગીય કચેરી – જામનગર ને મોકલાવેલ છે, સદર પત્રમાં નીચે મુજબની નોંધ કરાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**".........It is required to consider solar power generation for the purpose of energy accounting from the commissioning date mentioning 'Certificate of Commissioning.' It is inform to instruct concerned filed offices accordingly for further needful actions in the matter."**

ઉપરોક્ત પત્ર નં – ૨૭૬૦ ની જાણ થવાથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ફરિયાદી અરજદારના બાય ડાયરેકશનલ મીટર નં – **HTB 000278** ના લોડ સર્વે ડેટા લીધેલ જે તા.૦૪.૧૦.૨૦૨૨ થી આવેલ હતા તે મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૪.૧૦.૨૦૨૨ થી તા.૧૫.૧૦.૨૦૨૨ અને તા.૧૬.૧૦.૨૦૨૨ થી તા.૧૫.૧૧.૨૦૨૨ એમ ૦૨ મહિનામાં સોલારના યુનીટ આવેલ હતા. અરજદારનું સદર સેલ્ફ મીટર **HPL** કંપનીનું હોય જેમાં ડેટા સ્ટોરેજની કેપેસીટી ૨૮ થી ૩૦ દિવસની હોવાથી તા.૨૭.૦૭.૨૦૨૨ થી તા.૦૩.૧૦.૨૦૨૨ સુધીના લોડ સર્વેના ડેટા મળેલ ન હોવાથી, સોલાર યુનીટ ક્રેડીટ આપવાની ગણતરી થઇ શકેલ નથી, જે અંગે પીજીવીસીએલની સંલગ્ન વિભાગીય કચેરી દ્વારા વિવાદિત સમયગાળામાં સેટ ઓફ આપવા માટેની જરૂરી મંજુરી મેળવવા માટે કોઈ કાર્યવાહી કરાયેલ હોય, તેવા કોઈ આધાર-પુરાવા રજુ કરાયેલ નથી.

૪.૫ સદર કેસમાં અરજદારની ફરિયાદ અને પીજીવીસીએલ પક્ષકારની રજૂઆતનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે ફરિયાદી અરજદારના સોલાર પ્લાન્ટ માટે સીટીપીટી અને મીટરીંગ સીસ્ટમ તા.૨૭.૦૭.૨૦૨૨ ના રોજ

ચેકિંગ શીટ નં – JRD ૧૦૫૯ અને ૧૦૬૦ થી કામગીરી પૂર્ણ કરેલ છે જેની નકલ ફરિયાદી અરજદારના પ્રતિનિધિને તેમજ અધિક્ષક ઈજનેર પીજીવીસીએલ જામનગરને ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગરના પત્ર નં – ૪૩૯૯ તા.૦૧.૦૮.૨૦૨૨ થી મોકલવામાં આવેલ છે, જે પીજીવીસીએલ વર્તુળ કચેરી જામનગરના પત્ર નં-૭૨૩૮ તા.૦૮.૦૮.૨૦૨૨ થી મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), પીજીવીસીએલ, નિગમીત કચેરી – રાજકોટને મોકલાવેલ છે. સદર પત્ર તા.૦૮.૦૮.૨૦૨૨ મુજબની વિગતોની જાણ પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા ફરિયાદી અરજદારના વીજજોડાણને સંલગ્ન પીજીવીસીએલની ગ્રામ્ય વિભાગીય કચેરી–રાજકોટને કોઈ જાણ કરવામાં આવેલ તેવા પુરાવા રજુ કરેલ નથી, જો સદર વિગતોની જાણકારી જે તે વખતે પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા સંલગ્ન વિભાગીય કચેરીને કરવામાં આવેલ હોતતો મીટરનો લોડ સર્વે ડેટા સમયસર લઇ શકાયેલ હોત અને સદર પ્રકારની ફરિયાદ ઉપસ્થિત થાત નહિ. આમ, સદર બાબતેની નોંધ લઇ ભવિષ્યમાં સદર પ્રકારની ફરિયાદ ઉપસ્થિત ન થાય તે બાબતે નિગમીત કચેરી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા સૂચન કરવામાં આવે છે.

ફરિયાદી અરજદાર દ્વારા ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પ્રોજેક્ટ – ૯૦૦ કીવો – એસી. ગામ : દવલી તા.કાલાવડ જી.જામનગર ખાતે GEDA ના સર્ટીફીકેટ મુજબ તા.૨૭.૦૭.૨૦૨૨ થી કમીશનીંગ કરવામાં આવેલ છે. જે ઉત્પાદિત સોલાર યુનીટનું વ્હીલીંગ એગ્રીમેન્ટ તેઓના એચ.ટી. વીજજોડાણ મેં. ગ્રેવિટી કાસ્ટ પ્રા. લી., એચ.ટી. વીજજોડાણ નં – ૨૫૯૮૬ કરારિત વીજભાર – ૪૯૦ કેવીએ, ગામ : શાપર (વે.) સાથે કરવામાં આવેલ છે. વ્હીલીંગ એગ્રીમેન્ટની જાણ પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા સામેવાળા પીજીવીસીએલ પક્ષકારની સંલગ્ન વિભાગીય કચેરીને જાણ કરવામાં આવેલ છે તેમજ નિગમિત કચેરીના પત્ર નં–૨૭૬૦ તા.૨૧.૧૦.૨૦૨૨ થી સ્પષ્ટ લેખિતમાં જણાવ્યા મુજબ સોલાર પાવર પ્લાન્ટ કમીશનીંગ તા.૨૭.૦૭.૨૦૨૨ થી સોલાર પાવર જનરેશનનું એનર્જી એકાઉન્ટીંગ કરવા અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી જામનગર / રાજકોટ ગ્રામ્ય અને વિભાગીય કચેરી જામનગર ગ્રામ્ય / રાજકોટ ગ્રામ્યને સુચના આપેલ છે તે મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કાર્યવાહી કરવી, અને તેની જાણ ફોરમને કરવી.

૪.૬ આમ, ૪.૫ મુજબનો હુકમ કરી અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧